સરકારશ્રીની ખરીદીમાં સ્ટાર્ટઅપ એકમોને
સવલતો અને તેના અમલીકરણ બાબત

ગુજરાત સરકાર

ઉદ્યોગ અને ખાણ વિભાગ

ઠરાવ ક્રમાંક : ખરદ-૧૦૨૦૧૮-UOR-૧-ચ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:30/04/૨૦૧૮

વંચાણે લીધા:

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક : એસપીઓ/૧૦૨૦૧૫/૬૯૧૦૯3/ચ, તા.03/0૬/૨૦૧૬

(૨) ઉદ્યોગ અને ખાણ વિભાગના પરિપત્રક્રમાંક:-એસપીઓ/૧૦/૨૦૦૮/૭૯૪/ચ,તા.0૭/૧૨/૨૦૧૬

(3) ઉદ્યોગ અને ખાણ વિભાગના પરિપત્ર ક્રમાંક :-ખરદ/૧૦૨૦૧૮/UOR.૧/ચ, તા.૧૧/0૪/૨૦૧૮

ઠરાવ:

સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલીસી - ૨૦૧૫ હેઠળ તા.૨૭/0૧/૨૦૧૫ ના ઠરાવથી સહાય યોજના અમલમાં મૂકેલ છે. રાજ્ય સરકાર તથા રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/કોર્પોરેશન દ્વારા થતી ખરીદીમાં સ્ટાર્ટઅપ પ્રોજેક્ટોને પ્રોત્સાહિત કરવા માટે ગુજરાત રાજ્ય ખરીદ નીતિ - ૨૦૧૬ અંતર્ગત નીચે મુજબના લાભ અને સવલતો આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. રાજ્યના સ્ટાર્ટઅપ એકમો કે જે મુખ્યત્વે માઈક્રો અને સ્મૉલ જ હોય છે તેમને લાભ આપવા માટે ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડિપોઝીટ (EMD) ભરવામાંથી મુક્તિ મળવાપાત્ર થશે.

૨. રાજ્યના સ્ટાર્ટઅપ એકમો કે જે મુખ્યત્વે માઈક્રો અને સ્મૉલ જ હોય છે, આવા એકમોને રાજ્યના મધ્યમ તથા મોટા એકમો સામે તથા અન્ય રાજ્યના એકમો સામે ૧૦ ટકા ભાવ પસંદગી (Price Preference)નો લાભ તથા ગુણવતા આધારીત ભાવ પસંદગીનો લાભ મળવાપાત્ર થશે. ભાવ પસંદગીને પાત્ર રાજ્યના માઈક્રો અને સ્મોલ સ્ટાર્ટઅપ એકમોએ તેમના ભાવ, ન્યુનત્તમ (L-1) ભાવ સમકક્ષ લાવવાના રહેશે.

3. સૌથી ઓછા ભાવ ભરનાર (L-1) એકમ અન્ય રાજ્યનું હોય તો, સૌથી ઓછા ભાવ ભરનાર રાજ્યનું સ્ટાર્ટઅપ એકમ ભાવ મેળવણી (Price Matching) માટે સંમત થાય તો ખરીદી હેઠળનાં કુલ જથ્થાના ૫૦ ટકા ઓર્ડર મળવાપાત્ર થશે.

૪. રાજ્યના સ્ટાર્ટઅપ એકમો કે જે મુખ્યત્વે માઈક્રો અને સ્મૉલ જ હોય છે તેમને Prior Turnover ની શરતમાંથી મુક્તિ આપવાની રહેશે તેમજ ખરીદી હેઠળની ચીજ-વસ્તુ અગાઉ સપ્લાય કરેલ હોવા અંગેની શરત રાખવાની રહેશે નહિ.

૫. રાજ્ય સરકારની ખરીદીમાં સ્ટાર્ટઅપ પ્રોજેક્ટોના પ્રશ્નોના નિવારણ માટે ખરીદનીતિ ૨૦૧૬ના પેરા ૧૪(ડ) ની જોગવાઈ ઉપરાંત નીચે મુજબની કાર્યપધ્ધતિ અપનાવવાની રહેશે.

   ૧. સરકારી ખરીદીને લગત સ્ટાર્ટઅપ પ્રોજેક્ટોના ઈસ્યુ/રજુઆત જનરલ મેનેજર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા રૂબરૂમાં સાંભળવામાં આવશે.

Scanned by CamScanner

૨. સ્ટાર્ટઅપ પ્રોજેક્ટોના પ્રશ્ન રાજ્ય કક્ષાના કે પોલીસી લગત હોય તો જનરલ મેનેજર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રએ તેઓના અહેવાલ સહ રજુઆત દિન - ૭ માં સીએસપીઓ, ઉદ્યોગ કમિશ્નરની કચેરીને મોકલવાની રહેશે.

૩. જનરલ મેનેજર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો અહેવાલ મળ્યા બાદ અધિક ઉદ્યોગ કમિશ્નર, સીએસપીઓ પ્રશ્નના નિવારણ માટેની ઘટતી કાર્યવાહી દિન -૧૫ માં કરશે. ત્યારબાદ ઉદ્યોગ કમિશ્નર યોગ્ય આદેશ/હુકમ કરશે.

સ્ટાર્ટઅપ પ્રોજેક્ટોએ ઉપરોક્ત લાભ મેળવવા માટે માઈક્રો/સ્મોલ એન્ટરપ્રાઈઝ તરીકેનું ઉદ્યોગ આધાર અને સીએસપીઓ/એનએસઆઈસી રજીસ્ટ્રેશનની નકલ રજૂ કરવાની રહેશે તથા સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ અંગે કેન્દ્ર સરકાર અને/અથવા રાજ્ય સરકારની સંલગ્ન કચેરી દ્વારા અપાયેલ માન્યતા/રજીસ્ટ્રેશનની નકલ રજુ કરવાની રહેશે.

ઉક્ત જોગવાઈઓનો સરકારશ્રીની તમામ કચેરીઓ દ્વારા ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ સુચનાઓના ચુસ્ત અમલ અંગેની જવાબદારી ટેન્ડર પ્રસિધ્ધ કરનાર કચેરી/ખાતાના વડા, જે તે વિભાગના સચિવ અને બોર્ડ/નિગમ/કોર્પોરેશનના વહીવટી વડા/સીઈઓ ની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.બી.મખોડિયા)
ઉપસચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

- ઉદ્યોગ કમિશનરશ્રી અને મધ્યસ્થ સરંજામ ખરીદ અધિકારીશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- અધિક ઉદ્યોગ કમિશનરશ્રી(સ.ખ.), ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી – ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી ઓડીટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ / ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ
- સચિવાલયના સર્વે વિભાગો તરફ તેમના હસ્તકના તમામ ખાતાના વડાઓ/ તાબાની કચેરીઓ /બોર્ડ / કોર્પોરેશન અને નિગમોને જાણ કરવા વિનંતી સહ
- ઉદ્યોગ અને ખાણ વિભાગની સર્વે શાખાઓ તેમના હસ્તકના ખાતાના વડા/ તાબાની કચેરીઓ/ બોર્ડ / નિગમોને જાણ કરવા વિનંતી સહ.
- કોમ્પ્યુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ (વિભાગની વેબસાઈટ ઉપર મુકવાની વિનંતી સહ)
- શાખા સિલેક્ટ ફાઇલ

Scanned by CamScanner